## સંક્ષિપ્ત સમાચાર

### ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખના ઉમેદવારી પત્રો ભરાયા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ,ઉપ પ્રમુખના ઉમેદવારી પત્રો ભરાયા હતા. ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતી પ્રમુખ બલભદ્રસિંહ ચંપાવતના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ કુંદનબેન વનરાજભાઈ ડામોર અને ઉપપ્રમુખ તુલસીભાઈ કાવડાજી પાંડોરના ઉમેદવારી પત્રો ભિલોડા તાલુકા વિકાસ અધિકારી જે. બી. મોડીયાને અપાયા હતા. આ પ્રસંગે મુકેશભાઈ પટેલ, લાલજીભાઈ બોડાત, બાબુલાલ પરમાર, વનરાજભાઈ ડામોર સહિત કોંગ્રેસના અગ્રણી કાર્યકરો, હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતી પ્રમુખ બલભદ્રસિંહ ચંપાવતે કોંગ્રેસ પક્ષનો વ્હીપ જારી કરેલ હતો.

### ભિલોડાના જેસીંગબાપા એજ્યુકેશન કેમ્પસમાં વાર્ષિકોત્સવ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા શ્રી અર્બુદા સેવા સંઘ સંચાલિત માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદીર,શ્રીમદ્ જેસીંગબાપા એજ્યુકેશન કેમ્પસમાં તા.૨૩/૧૨/૨૦૧૫ ને બુધવારના રોજ ૧૦:૦૦ વાગ્યાના સુમારે વાર્ષિકોત્સવ-૨૦૧૫નો કાર્યક્રમ યોજાશે.આ પ્રસંગે શ્રી અર્બુદા સેવા સંઘ ઉપપ્રમુખ માધુભાઈ પટેલ,મંત્રી દામુભાઈ પટેલ,માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદીર આચાર્ય રમણભાઈ પટેલ,એ.પી.ઝાલા,ભરતસિંહ રહેવર,રમણભાઈ પટેલ,પ્રભુદાસભાઈ એલ.પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી,ગાયત્રીબેન એ.પટેલ,વિષ્ણુંકુવરબા લાલસિંહજી ચૌહાણ,કાંતીલાલ પટેલ,મનોજભાઈ પટેલ,ડાૅ.કે.ડી.પટેલ,મનિષભાઈ એચ.પટેલ સહિત અગ્રણીઓ,ગ્રામજનો,સ્ટાફ પરીવાર સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે.

### ભિલોડા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા પેન્શન ડે અને વાર્ષિક અધિવેશન યોજાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધોલવાણી ગામમાં જ્ઞાન ભારતી સેવા ટ્રસ્ટ સંચાલિત માતૃશ્રી નાથીબાઈ રણછોડલાલ જોષી વિદ્યાલય હોલમાં તા.૨૦/૧૨/૨૦૧૫ ને રવીવારના રોજ ભિલોડા તાલુકા નિવૃત કર્મચારી મંડળ ધ્વારા ૨૭મા પેન્શન ડે અને વાર્ષિક જનરલ અધિવેશન તેમજ નિવૃત પેન્શનરોનો સન્માન સમારંભ યોજાયો હતો.આ પ્રસંગે ભિલોડા તાલુકા નિવૃત કર્મચારી મંડળ પ્રમુખ વાલજીભાઈ વી.ગરાસીયા,મંત્રી શૈલેષભાઈ કે.પંચાલ,સંઘઠન મંત્રી ડી.આર.ચંપાવત,,કાર્યાધ્યક્ષ દયાનંદ કે.પંચાલ,સાંકળચંદ ચૌહાણ,બાબુલાલ ખરાડી સહિત નિવૃત કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ભિલોડામાં પંચરત્ન સોસાયટીમાં એક બંધ મકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા

#### પોલીસ તંત્ર કુંભકર્ણની નિદ્રામાં

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ફુલગુલાબી કાતીલ ઠંડીનું તીવ્ર મોઝુ ફરી વળ્યું છે ત્યારે દિન-પ્રતિ-દિન ચોરીઓ ઉપદ્રવ વધતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.રાયસીંગપુર ગામમાં નિવૃત શિક્ષક નરસિંહભાઈ વાલજીભાઈ ડામોરના બંધ મકાનમાંથી સોના-ચાંદીના દાગીના,સોનાની લગડીઓ,રોકડા રૂપિયા સહિત ચીજવસ્તુઓ કુલ મુદ્દામાલની કિંમત રૂા.૭,૬૪,૫૫૦/-ની માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થયાની શાહી તો હજુ સુકાઈ નથી ત્યારે ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં આવેલ પંચરત્ન સોસાયટીમાં ભિલોડા પ્રેરણા વિદ્યાલયના શિક્ષક અનિલભાઈ ભુરજીભાઈ પાંડોરના બંધ મકાનના દરવાજાના આગરાના નકુચા તોડી નાખી ઘરમાં પ્રવેશ કરી ઘર વખરીનો સામાન વેરવિખેર કરી નાખી અજાણ્યા તસ્કરો રોકડા રૂા.૧૬,૦૦૦/- અને દેના બેંકનું એ.ટી.એમ.કાર્ડની ચોરી કરી અજાણ્યા તસ્કરો ફરાર થઈ ગયા હતા.અનિલભાઈ ભુરજીભાઈ પાંડોરએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ચોરીના બનાવ સંદર્ભે ફરીયાદ નોંધાવતાં પોલીસસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.ભિલોડામાં ઠેર-ઠેર ચોરીઓનો બનાવો વધતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે જાણે કે ભિલોડા તાલુકામાં તસ્કર રાજ હોય તેમ લોકમુખે ચર્ચાય છે.ભિલોડા નાઈટ પેટ્રોલીંગમાં વેઠ ઉતારતી હોય તેમ લોકમુખે ચર્ચાય છે.

### શામળાજીના ખોડંબા ગામ નજીક ખેતરમાં પ્રમીયુગલે ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર

પ્રેમ ના જુએ જાત-કજાત, પ્રેમ ના જુએ ઉંમર અને પ્રેમના જુએ રાજા ઓર રંક. એટલે જ પ્રેમને આંધળો કહ્યો છે. તેને દુનિયાદારી સાથે કોઈ નિસ્બત હોતો નથી. પ્રેમના અંકુર ફૂટતા અજાણ્યા પાત્રો એકબીજાની સમીપ આવી જાય છે અને સમાજની કે પોતાના પરીવારની આબરૂ-ઈજ્જતની કોઈ જ પરવા નહિ કરીને પોતાની ભાવિ જીંજગીના સમણા જોવામાં પરોવાઈ જાય છે.

સમાજની આબરૂ અને ભાવિ પંખીડાને જીંદગીમાં એક તાંતણે સફળતા નહિ મળવાના અણસાર આવી જતા નાસીપાસ થઈને જીંદગી જીવવાનો રસ ઉડી જવાની અને અલગ થવાના ભયે છેલ્લે આ ફાની દુનિયાને અલવિદા કરવાનો આકરો નિર્ણય લઈ આત્મહત્યાનો માર્ગ અપનાવી જીવનલીલા સંકેલી લેતા હોય છે. બસ આવોજ બનાવ અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ શામળાજી નજીકના ખોડંબા ગામની સીમમાં બન્યો હતો. જેમાં બે અજાણ્યા યુવાન અને યુવતીએ આજે વહેલી સવારે ખેતરમાં ઝેરી દવા પીને આત્મહત્યા કરી લેતા ચકચાર મચી છે. આ ઘટનાની જાણ શામળાજી પોલીસને થતા તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

### મેઘરજમાં બંધ મકાનમાંથી ૯૮ હજારની ચોરી

મેઘરજ નવા બસસ્ટેશન વિસ્તારમાં આવેલ ઉમા વિદ્યાલયની બાજુના બંધ મકાનમાં ચોરી થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. શનિવારના રોજ સાંજે ચાર વાગે મકાન માલિક કુલસુમબેન તેમના બહેનના ત્યાં ખબર કાઢવા માટે ગયા હતા. અને તેમના વહુ જસ્મીનબેન તેમના દીકરા સાથે મકાનને તાળુ મારી તેમના પીયર ગયેલા હતા.

રવિવારના રોજ સાંજે છ વાગ્યાના સમયે કુલસુમબેન ઘરે પરત ફરી મેઈન ગેટનું તાળુ ખોલી અંદર પ્રવેશ કરી જોતા જાળીનું તથા દરવાજાનું તાળુ તુટેલ હતુ અને ઘરમાં મુકેલી તીજોરી તથા કબાટ તુટી ગયેલ હાલતમાં જણાયેલ અને અંદરથી માલસામાન વેરણછેરણ પડેલ હતા. જેમાં તીજોરીમાં મુકેલ રોકડ રૂ. ૭૦ હજાર તથા એક સોનાની બુટીની એક જોડી તથા નાકની ચુની મળી દોઢેક તોલાની કિં. રૂ. ૨૫ હજાર તથા ૩ હજારની ચાંદી મળી કુલ રૂપિયા ૯૮ હજારના મુદ્દામાલ ચોરી ગયા હતા. આ અંગે મેઘરજ પોલીસમથકે ફરિયાદ નોંધાતા મેઘરજ પોલીસે ગુનો નોંધી ડોગ સ્કોડ તથા એફએસએલની મદદ માગી તપાસ હાથ ધરી છે.





## મુસ્લિમ સમાજના બિરાદરોએ ધંધા રોજગાર બંધ પાળી મૌન રેલી યોજી આવેદનપત્ર આપ્યું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મુસ્લિમ સમાજ દ્વારા હિંદુ મહાસભાના નેતા કમલેશ તિવારી દ્વારા અભદ્ર અને સભ્ય ભાષા અને શબ્દો દ્વારા અપમાન જનક ટીપ્પણી અને મુસલમાનોની લાગણીઓ દુભાઈ હોવાના વિરોધમાં પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. પ્રાંતિજ ખાતે તા ૧૦-૧૨-૨૦૧૫ને શનિવારના રોજ સમસ્ત આશિક એ રસુલ મુસ્લિમ પ્રાંતિજ શહેર દ્વારા કમલેશ તિવારીએ મુસ્લિમોના આદર્શ મોહમ્મદ પયંગબર (સ.અ.વ.) વિરૂધ્ધ અણછાજતી અને ગંદી ટીપ્પણીના વિરોધમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ધંધા રોજગાર બંધ પાળી પ્રાંતિજ બજાર ચોકથી રેલવે સ્ટેશન તાલુકા સેવા સદન સુધી મૌન રેલી યોજી સમસ્ત આશીકે રસુલ મુસ્લિમ પ્રાંતિજ શહેર દ્વારા દેશના રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને સંબોધી લખાયેલ આવેનદપત્ર પ્રાંતિજ મામલતદારને આપવામાં આવ્યું હતું. અને વિવાદાસ્પદ ટીપ્પણી કરનાર વિરૂધ્ધ કડક સખ્ત સજા કરવા માંગ કરી હતી.

## ઉચીધનાલના આરસીસી રોડનું કામ હલકી કક્ષાનું કરી કોન્ટ્રાક્ટરે વેઠ વાળી

### રોડ એક માસ અગાઉ નવો બનાવ્યો છે પણ જાણે થીગડા માર્યા હોય તેવો બિસ્માર દેખાય છે

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા તાલુકાના ઉચીધનાલ ગામમાં હરીજનવાસ-ઠાકરડાવાસ તથા દેવાભાઈ પટેલના ઘરથી હસમુખભાઈ લીલાધર પટેલના ઘર સુધીના આરસીસી રોડનું કામ હલકી અને નિમ્ન કક્ષાનું થયેલું જણાવ્યા અનુસાર ઉચીધનાલ ગામમાં હરીજન વાસ-ઠાકરડાવાસ તથા દેવાભાઈ પટેલના ઘરથી હસમુખભાઈ લીલાધર પટેલના ઘર સુધીના આરસીસી રોડ નવેમ્બર-૧૫માં નવા બનાવવામાં આવ્યા છે. આ રોડમાં રૂ. ૧૬ લાખની માતબર માર્યા હોય. ગલબાભાઈ પરમારના જણાવ્યા અનુસાર આ રોડ દિવાળીના સમયમાં બનાવ્યા પછી તેના ઉપર પાણી છાંટવામાં જ નથી આવ્યુ. નથી આ રોડ નવો નહી પણ વર્ષો પહેલા બન્યો હોય તેવુ લાગે છે.



છે. દિવાળીના સમયમાં નવો બનાવેલ રોડ તુટી જવાથી બિસ્માર દેખાય છે. કોન્ટ્રાક્ટર દ્વારા આ રોડના કામમાં વેઠ વાળી હોવાની બુમ ઉઠવા પામી છે.

ઉચીધનાલ ગામના ગલબાભાઈ ભીખાભાઈ પરમાર પુંજાભાઈ વજાભાઈ પરમાર, બાબુભાઈ જોઈતાભાઈ પરમાર, દિનેશભાઈ કે. જોષી સહીતના રોયલ્ટીની ગ્રાન્ટ વાપરવામાં આવી છે. આ રોડ પ્લાન એસ્ટીમેન્ટ મુજબ બનાવવામાં આવ્યો નથી. ગ્રેવલની જગ્યાએ નદીના ગોળ પથ્થર વાપરવામાં આવ્યા છે. કપચી-સીમેન્ટ અને રેતીનું પ્રમાણ જાળવવામાં ન આવતા એક માસમાં જ રોડની કપચી ખુલ્લી થઈ જવા પામી છે. રોડ ભલે નવો બનાવ્યો હોય પણ દેખાય છે જાણે થીગડા

રૂ. ૧૬ લાખની ગ્રાન્ટ જેટલુ કામ થયુ નથી તેવુ ગામલોકો જણાવે છે. અને કોન્ટ્રાક્ટરને પુરેપુરૂ બીલ ચુકવી દેવામાં આવ્યું છે. કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મીલીભગત હોવાનું જણાઈ આવે છે.

આ અંગે ઉચીધનાલ પંચાયતના તલાટી પી.સી. ડાભીએ જણાવ્યુ હતુ કે સ્થળ તપાસ કરી ઘટતુ કરવામાં આવશે.

## ધાનેરાના મુખ્ય માર્ગ પર ગટરનો ખાડો કયારે પુરાશે...?

### ડીસા રોડ પર કોટેજ પાસેના ખાડાનો ભોગ અનેક વાહન ચાલકો બની ચુકયા છે

ધાનેરા, તા. ૨૧


ધાનેરા બસ સ્ટેન્ડથી ડીસા રોડ ઉપર કોટેજ પાસે ગટરનો ખાડો ૧૦ માસથી દિવસે ને દિવસે વધી રહ્યો છે. રસ્તા પર જ હોવાથી રાત્રીના સમયે વાહનચાલકો તેનો ભોગ બની રહ્યા છે. આ જોખમી ખાડો કયારે પૂરાશે તેની રાહ ધાનેરાવાસીઓ જોઈ રહ્યા છે. છતાં જાણે કોઈ મોટી દુર્ઘટનાની રાહ તંત્ર જોતું હોય તેમ લાગી રહ્યું છે. ધાનેરા પાલિકાના નઘરોળ તંત્રના કર્મચારીઓની ઉંઘ કયારે ઉડશે અને કયારે ખાડો પુરાશે તેવી ચર્ચા ધાનેરામાં થઈ રહી છે.



ધાનેરા નગરપાલિકા વિસ્તારના કોટેજ વિસ્તારમાં મુખ્ય માર્ગ પર છેલ્લા ઘણા સમયથી ૧૦ ફુટ ઉંડો જોખમી ગટરનો ખાડો આવેલો છે. મુખ્ય માર્ગ પર ખાડાને કારણે વાહનચાલકો તેમજ સ્થાનિક રહીશોને પણ ભારે હાલાકી ભોગવવી પડે છે. સ્થાનિકો દ્વારા અનેકવાર તંત્ર સમક્ષ લેખિત રજુઆત કરવામાં આવી છે પરંતુ તંત્રના બહેરા કાને નાગરિકોની રજુઆત સંભળાતી નથી. ઊંડા ખાડામાં કે રાત્રીના સમયે કેટલાય વાહનચાલકો પડી જવાના બનાવ બન્યો છે છતાં ધાનેરા પાલિકાનું તંત્ર કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેની પ્રતિજ્ઞા કરતું હોય તેમ લાગી રહ્યું છે. પાલિકા દ્વારા ખાડો જલદી પુરવામાં આવે તેવું ધાનેરાવાસીઓ ઈચ્છી રહ્યા છે.

## આંખે પાટા બાંધી સાયકલ ચલાવતો હેપ્પી

### પ્રાંતિજ ખાતે આવેલ એકલવ્ય ફાઉન્ડેશન ડાન્સ ક્લાસમાં વિજાપુરના હેપ્પીની મુલાકાત : ૧૪ વર્ષનો હેપ્પી આંખે પાટા બાંધી વાંચી શકે છે





પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ એકલવ્ય ફાઉન્ડેશન ડાન્સ ક્લાસમાં ડાન્સ કોમ્પીટીશનમાં ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહિત કરવા આવેલ વિજાપુરના હેપ્પીએ તેની કુદરતી શક્તિથી બાળકોના દિલ જીતી લીધા હતા.

આ હેપ્પી સુનીલભાઈ હિંગુ (દરજી) મહેસાણા જિલ્લાનો વિજાપુરનો વતની અને ધોરણ-૯માં અભ્યાસ કરતો માત્ર ૧૪ વર્ષનો હેપ્પી પાસે જાણે કુદરતી શક્તિઓમાંથી કુદરતની થોડી શક્તિ હેપ્પીમાં હોય તેવું જણાઈ આવે છે. તમને જાણીને નવાઈ લાગશે કે હાથમાં પેજર લઈને રંગ બદલવા અનેકવાર જોયા હશે અને કેટલાય કલાકો કે સમય વેડફાયા પછી પેજરના બધા રંગ એક કર્યા હશે. જ્યારે માત્ર ૧૪ વર્ષનો હેપ્પી આંખે પાટા બાંધી માત્ર ચપટી વગાડતાની સાથે જ પેજરના બધાં રંગ ગોઠવી આપે છે અને આંખે પાટા બાંધી ગમે તેવું લાંબુ લખાણ કળકળાટ વાંચે પણ છે અને પગના તળેથી પણ રંગ અને લખેલ આંકડા તથા પગ નીચે રહેલ ચિત્ર પણ ઓળખી બતાવે છે. જ્યારે સાયકલ, એક્ટીવા સ્કુટી જેવા વ્હીકલો પણ આંખે પાટા બાંધી રોડ પર ફેરવી શકે છે. જ્યારે હેપ્પીને વિજાપુર ખાતે ૧૫ ઓગષ્ટના દિવસે મંત્રી નાનુભાઈ વાનાણી દ્વારા ટ્રોફી પણ એનાયત કરવામાં આવી છે. જ્યારે છેલ્લા ત્રણ વર્ષથી તેની શક્તિઓનો પરિચય તેના પિતા સુનીલભાઈને થતાં તેવો પણ પુત્રની શક્તિ ઉપર ગૌરવ અનુભવે છે.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાદોલીયા ગલતેશ્વર રોડ ઉપર આવેલ કપરકાબી બનાવતી કંપની અંબર ટું ફેંકટરીમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં કંપનીના ઓફિસ સ્ટાફ દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ નજીક ગલતેશ્વર રોડ ઉપર આવેલ અંબર ટું ફેંકટરીમાં જાયન્ટસ ગૃપ અને રેડક્રોસના સહયોગથી કંપનીમાં તા. ૧૮-૧૨-૨૦૧૫ને શુક્રવારના રોજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કંપનીના જનરલ મેનેજર ધર્મેન્દ્ર મહાશંકર જાની દ્વારા પટ્ટી કાપી શ્રીફળ વધેરી બ્લડ ડોનેશન કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પમાં કંપનીમાં ઓફિસમાં કામ કરતા સ્ટાફના રકતદાતાઓ દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ બોટલ રકતદાતાઓ દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આર.કે. દાસ, હે.એચ.આર.ગોસ્વામીભાઈ, જાયન્ટ પ્રમુખ ડૉ. એન.કે. ડેરિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

## મોડાસા તાલુકા પંચાયત કોંગ્રેસ માટે ઉકળતા ચરુ સમાન

અરવલ્લી જિલ્લા પંચાયતના તેમજ ૬ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રખની ૨૨ ડિસેમ્બરના મંગળવારે યોજાવાની છે. ત્યારે અરવલ્લી જિલ્લા પંચાયત માટે કોંગ્રેસ સંગઠન દ્વારા પ્રમુખ અને ઉપપ્રમુખની યોજાનારી ચૂંટણી માટે પ્રદેશ કક્ષાએથી જિલ્લામાં આવેલા નિરિક્ષકોના રીપોર્ટના આધારે અપાયેલા મેન્ડેટ સાથે પ્રમુખ અને ઉપપ્રમુખના ફોર્મ ભર્યા હતા. જ્યારે મોડાસા સહિત અન્ય પાંચ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખના ફોર્મ ભરાયા હતા જેમાં મોડાસા તાલુકા પંચાયત કોંગ્રેસ માટે પ્રમુખપદ નક્કી કરવા અને પ્રમુખ પદ માટે ભારે રસાકસીભર્યુ બની હતી.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસ પક્ષ દ્વારા જીલ્લા પંજચાયતમાં દબદબોભર્યો જવલંત વિજય મેળવ્યો હતો. જ્યારે ૬ તાલુકા પંચાયતમાં મોડાસા સહિત અન્ય ત્રણ તાલુકા પંચાયતમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થયો હતો. માલપુર તાલુકામાં ભાજપ-કોંગ્રેસને સરખી સીટો મળતા અપક્ષોના સહારે સત્તા મેળવવા બન્ને પક્ષો દ્વારા કવાયત હાથ



ધરી હતી. મેઘરજ તાલુકા પંચાયત ભાજપાની જીત થતાં ભાજપા સત્તા સંભાળશે. અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ પદ માટે જિલ્લા પંચાયતમાં ભિલોડા તાલુકાના કોંગ્રેસના રાજુભાઈ પારઘી અને ઉપપ્રમુખ માટે ડેમાઈના યુવા કોંગ્રેસી કિર્તીભાઈ પટેલે પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યુહતું. મોડાસા તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટે કોંગ્રેસના બે વિજયી ઉમેદવારોએ પ્રમુખ પદ મેળવવા આક્રમકતા દાખવતા કોંગ્રેસ પક્ષ માટે મોડાસા તાલુકા પંચાયતની પ્રમુખ અને ઉપપ્રમુખ પદ દુખાવારૂપી બની રહ્યુ હતુ. લાંબી મથામણ બાદ મોડાસા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ચારણવાડાના કોંગ્રેસના ઉમેદવાર સોમસિંહ પરમાર અને ઉપપ્રમુખ પદ માટે રામપુરના કોંગ્રેસના વાલાભાઈ ભરવાડે પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યુહતુ. મંગળવારે યોજાનારી મોડાસા તાલુકા પંચાયત પ્રમુખપદ માટે કાંઈ નવા જુની થવાની શક્યતા જોવાઈ રહી છે.